દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૯ નવેમ્બર, ૨૦૨૫

બિહારનાં ચૂંટણી જંગમાં મૈથિલી ઠાકુર મીઠી વીરડી જેવી છે

બિહારનું નામ આવે તો એમ પણ લોકો ધ્રુજી ઉઠે છે ત્યારે હાલમાં બિહારમાં ચાલી રહેલી ચૂંટણીમાં બાહુબલીઓ અને દિગ્ગજોની લડાઇના મેદાનમાં એક 25 વર્ષની યુવતીએ પણ ઝંપલાવ્યું છે. આ યુવતીનું નામ મૈથિલી ઠાકુર છે અને તે અલીગઢ વિધાનસભાની બેઠક પરથી ભાજપની ઉમેદવાર છે. આમ બિહારામાં ચાલી રહેલા ચૂંટણી જંગમાં તે મીઠી વીરડી સમાન છે. મૂળ બિહારના મધુબની જિલ્લાના બેનીપટ્ટી પોલીસ સ્ટેશન વિસ્તારના ઉરેન ગામની રહેવાસી, મૈથિલીને બાળપણથી જ સંગીતમાં રસ હતો. મૈથિલી ઠાકુર નાનપણથી જ તેના કોકિલ સ્વરના કારણે સમગ્ર દુનિયામાં જાણીતી છે.

૨૦૧૧ માં, ઠાકુર ઝી ટીવી પર પ્રસારિત થતી ગાયન સ્પર્ધા ટેલિવિઝન શ્રેણી, લિટલ ચેમ્પ્સમાં દેખાઇ હતી. તેના ચાર વર્ષ પછી તેણે સોની ટીવી પર પ્રસારિત થતી ઇન્ડિયન આઇડોલ જુનિયરમાં ભાગ લીધો હતો. ૨૦૧૬ માં 'આઇ જીનિયસ યંગ સિંગિંગ સ્ટાર' સ્પર્ધા જીતી હતી, ત્યારબાદ તેણે યા રબ્બા (યુનિવર્સલ મ્યુઝિક) લોન્ચ કર્યું હતું. ૨૦૧૭ માં, ઠાકુર એક ટેલિવિઝન ગાયન સ્પર્ધા, રાઇઝિંગ સ્ટારની સીઝન ૧ માં સ્પર્ધક હતી . મૈથિલી શોની પહેલી ફાઇનલિસ્ટ હતી, જેમાં તેણે ઓમ નમઃ શિવાય ગાયું હતું , જેનાથી તેણીને ફાઇનલમાં સીધો પ્રવેશ મળ્યો હતો. જો કે તે રનર અપ રહી હતી.

ફેસબુક અને યુટ્યુબ પર તેમના વીડિયોને ભારે સફળતા મળ્યા પછી, ઠાકુર અને તેના ભાઈઓએ વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં પ્રદર્શન કરવાનું શરૂ કર્યું. ભારત સરકાર દ્વારા મૈથિલીને અટલ મિથિલા સન્માનથી નવાજવામાં આવ્યા છે. 2019માં ચૂંટણી પંચ દ્વારા મૈથિલી અને તેના ભાઈઓને મધુબનીના બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યા હતા.

તેના પિતા, રમેશ ઠાકુર એક સંગીત શિક્ષક છે અને તેમણે મૈથિલીને તેણીને પ્રારંભિક સંગીત શિક્ષણ આપ્યું હતું. તેની માતા, પૂજા ઠાકુર, ગૃહિણી છે, જ્યારે તેના બે ભાઈઓ, ઋષભ ઠાકુર અને આચાચી ઠાકુર, પણ સંગીતમાં સક્રિય છે. દિલ્હીમાં પરિવારે આર્થિક સંઘર્ષ સહન કર્યો, જેના કારણે મૈથિલી સ્ટેજ સુધી પહોંચી છે. મૈથિલી ઠાકુરે પોતાના સુમધુર અવાજ અને લોકગીતોથી માત્ર બિહારમાં જ નહીં પરંતુ દેશભરમાં ઓળખ મેળવી છે. સોશિયલ મીડિયા પર તેમના લાખો ફોલોઅર્સ છે અને તેમને મિથિલા સંસ્કૃતિનો અવાજ માનવામાં આવે છે. હવે, તેમણે રાજકારણમાં પ્રવેશ કર્યો છે, એક નવો પ્રયાસ કર્યો છે. ભાજપે તેમના પર વિશ્વાસ મૂક્યો છે અને તેમને દરભંગાના અલીનગર વિધાનસભા મતવિસ્તારમાંથી ટિકિટ આપી છે. ઉમેદવારી નોંધાવ્યા પછી, મૈથિલી ઠાકુરે કહ્યું, અલીનગરને એક આદર્શ શહેર બનાવવાનો મારો સંકલ્પ છે. લોકોનો વિશ્વાસ અને આશીર્વાદ મારી સૌથી મોટી તાકાત છે. મૈથિલી ઠાકુરના ભાજપમાં સમાવેશ અને ચૂંટણી લડવાની ખબર ફેલાતા જ બહુ લોકો ખુશ હતા પરંતુ બીજી તરફ કેટલાક લોકોમાં નારાજગી જોવા મળી હતી. જેમાં ભાજપના ધારાસભ્ય મિશ્રીલાલ યાદવ પણ સામેલ હતાં. તેમણે પાર્ટી છોડતી વખતે આરોપી લગાવ્યો હતો કે ભાજપ દલિત અને પછાતવર્ગની ઉપેક્ષા કરે છે. મૈથીલી ઠાકુર બ્રાહ્મણ સમુદાયમાંથી આવે છે અને તેમના હરીફ ઉમેદવાર આરજેડીના વિનોદ મિશ્રા પણ બ્રાહ્મણ છે. દરભંગા જિલ્લાની અલીનગર વિધાનસભા વર્ષ 2008ના સીમાંકન પછી નવી બેઠક બની હતી. અહીં 2010 અને 2015ની બંને ચૂંટણીમાં આરજેડીના અબ્દુલ બારી સિદ્દીકીએ વિજય નોંધાવ્યો હતો. જ્યારે 2020ની ચૂંટણીમાં ભાજપના મિશ્રીલાલ યાદવે મુકશે સહાનીની વીઆઇપી પાર્ટીના વિનોદ મિશ્રાને હરાવ્યા હતાં. બિહાર વિધાનસભા ચૂંટણી 2025ના પહેલાં તબક્કાના ઉમેદવારો પર એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને બિહાર ચૂંટણી વોચે પોતાનો રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમાં અનેક ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. આ રિપોર્ટમાં 1314માંથી 1303 ઉમેદવારોના એફિડેવિટનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાંથી 423 એટલે કે, કુલ 32 ટકા ઉમેદવારોએ પોતાના ઉપર ગુનાઇત કેસોની જાહેરાત કરી છે. વળી, 354 ઉમેદવારો એટલે કે, 27% પર ગંભીર ગુનાઇત કેસ દાખલ છે. ગંભીર કેસોમાં 33 ઉમેદવારો હત્યા સાથે જોડાયેલા, 86 હત્યાના પ્રયાસ અને 42 મહિલા ઉત્પીડનના કેસ સાથે જોડાયેલા છે. જોકે, 2 ઉમેદવાર એવા છે, જે દુષ્કર્મ સહિતના કેસમાં જોડાયેલા છે. આ રિપોર્ટ જણાવે છે કે, ગુનાખોરી અને રાજકારણનો સંબંધ હજુ પણ ગાઢ છે. જન સુરાજ પાર્ટીના 114માંથી 50 (44 ટકા) ઉમેદવારો પર ગુનાઇત કેસો છે. BSPના 89માંથી 18 (20 ટકા), RJDના 70માંથી 53 (76 ટકા), જેડીયુના 57માંથી 22 (39 ટકા), ભાજપના 48માંથી 31 (65 ટકા), આપના 44માંથી 12 (27 ટકા) અને કોંગ્રેસના 23માંથી 15 (65 ટકા) ઉમેદવાર સામે ગુનાઇત કેસો દાખલ છે. વામપંથી પાર્ટીઓની સ્થિતિ તો આનાથી પણ ખરાબ છે. સીપીઆઇ(એમએલ)ના 13માંથી 13 (93 ટકા), સીપીઆઇ અને સીપીઆઇ(એમ)ના તમામ ઉમેદવારો (100 ટકા) સામે ગુનાઇત કેસો દાખલ છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે 1303 ઉમેદવારોમાંથી 519 ઉમેદવારો, એટલે કે 40%, કરોડપતિ છે. તેમની સરેરાશ સંપત્તિ 3.26 કરોડ રૂપિયા છે. 519 ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત 5થી 12 ધોરણની વચ્ચે હોવાનું જાહેર કર્યું છે, જ્યારે 651 ઉમેદવારો, એટલે કે 50%એ ગ્રેજ્યુએટ કે તેથી વધુ હોવાનો દાવો કર્યો છે. આવા દિગ્ગજોએ આ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. મિથિલાંચલ પણ પહેલા તબક્કામાં જ આવતું હતું. આવા હિસ્ટ્રીશીટર અને ખંધારાજકારણી વચ્ચે ચૂંટણીમાં ઝંપલાવનાર મિથીલા ઠાકુર રણમાં મીઠીવીરડી જેવી જ છે તેમ કહીએ તો ખોટું કંઇ નથી.

મહામૂર્ખ કોણ?

જ્ઞાનચંદ એક નાનકડો વેપારી હતો, તે વેપારી ઓછો અને ભક્ત વધારે હતો. સવારે વહેલો ઉઠીને સેવા પૂજા પાઠ ધ્યાન ભજન કરે, પછી મંદિરે જાય અને પછી દુકાન ખોલે. અને બપોર સુધી દુકાનમાં કામ કરે પછી દુકાન બંધ કરી ભોજન કરવા ઘરે જાય. પોતે જમવા પહેલા મંદિર પાસે સાધુ સંતોને જમાડે, ગરીબોને દાન આપે પછી ઘરે જઈ પોતે જમે પછી વાળી પાછો દુકાને જવાને સ્થાને ગરીબ બીમાર, લાચાર લોકોની સેવા કરવા જાય. થોડો સમય દુકાન ખોલે ત્યારે જે વેપાર થાય તેમાં સંતોષ રાખી તે પ્રભુભક્તિ અને જનસેવામાં જીવન વિતાવતો હતો અને બહુ ખુશ હતો. ગામના લોકોને તેના આવા વર્તાવથી આશ્ચર્ય થતું અમે બધા તેને પાગલ સમજતા તેના માટે કહેતા, 'આ તો મહામૂર્ખ છે. દુકાન થોડો સમય ખોલે છે, સવારનો સમય પણ પૂજાપાઠમાં વેડફે છે, બધા પૈસા દાનમાં લુંટાવી દે છે. વધુ પૈસા કમાઈ શકે છે પણ કમાતો નથી સાવ પાગલ છે. એક દિવસ ગામના નગરશેઠને મજાક સુઝી તેમણે જ્ઞાનચંદ માટે સન્માન સભારાખી આખા ગામને નોતર્યું અને તેના પહેલા ઘણા વખાણ કર્યા કે તે સેવાના અનેક કર્યો કરે છે ભક્તિ કરે છે પછી ઉમેર્યું કે નામ ભલે તેનું જ્ઞાનચંદ હોય પણ તે મહામૂર્ખ છે, કમાવાની તક હોવા છતાં ગુમાવે છે અને પોતાને માટે કઈ બચાવતો પણ નથી એટલે આજે તેને ગામના સૌથી મહામૂર્ખ તરીકે સન્માનિત કરવામાં આવે છે.' પછી તેને શાલ ઓઢાડવામાં આવી. બધાએ બહુ મજાક કરી પણ જ્ઞાનચંદ તો શાંતિથી ચુપચાપ ઘરે જતો રહ્યો અને ભગવાનનું નામ લેવા લાગ્યો. ગામના નગરશેઠ બીમાર પડ્યા ત્યારે જ્ઞાનચંદ તેમની ખબર પૂછવા ગયો અને હાલચાલ પૂછ્યા, શેઠ બોલ્યા, 'ભાઈ હવે તો ઉપર જવાની તૈયારી કરી રહ્યો છું.' જ્ઞાનચંદે પૂછ્યું, 'શેઠજી તમારી પહેલા ત્યાં બધો બંદોબસ્ત જોવા કોઈ માણસ મોકલ્યો છે કે નહીં? તમારી પત્ની, પરિવાર, ગાડી, બંગલા, હવેલી, દુકાન બધું સાથે લઈ જશો ને?' શેઠજી બોલ્યા, 'ભાઈ ત્યાં કોણ સાથે આવે છે? ઉપર ભગવાન પાસે તો બધાએ એકલા જ જવાનું હોય છે કુટુંબ, સ્વજનો, ધન દોલત, હવેલી, ગાડી, બંગલા બધું અહીં જ છોડીને જવાનું હોય છે. આત્મા સિવાય બીજું કઈ ઉપર જઈ શકતું નથી.' જ્ઞાનચંદે થેલીમાંથી શાલ કાઢી શેઠને ઓઢાડતા કહ્યું, 'મને મહામૂર્ખ તરીકે તમે સન્માનમાં શાલ ઓઢાઢી હતી, તે તમને ઓઢાડી સન્માન કરું છું. તમે સૌથી મોટા મહામૂર્ખ છો. જો તમને ખબર જ હતી કે દુકાન, ગાડી બંગલા, સ્વજનો બધું અહીં જ છોડી જવાનું હોય છે તો પછી આખું જીવન લાલચને કારણે તે બધું મેળવવામાં જ લાગેલા રહ્યા, કમાણી કરવામાં અને સ્વાર્થી ઇચ્છાઓ પૂરી કરવામાં જ જીવન વિતાવ્યું. ન સત્કર્મ કર્યા, ન સેવા કરી, ન ભક્તિ કરી, ન ભજન કર્યું, દાન પણ આપ્યું હશે નામના મેળવવા, કોઈને મદદ કરવા નહીં. ઈશ્વર પાસે જવા પહેલા તમે કોઈ તૈયારી એવી કરી નહીં જે પુણ્ય બની તમારી સાથે આવે તો હવે સમજી લો મહામૂર્ખ કોણ છે?'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

૯૨ વર્ષના પૉલ બિયા સતત આઠમી વખત કેમરૂનના પ્રમુખ ચૂંટાઈ આવ્યા પણ એમને માટે આ વખતનો પંથ સરળ નહીં હોય

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

દુનિયા આખીમાં કુતૂહલ જગાવનાર કેમરૂન દેશના પ્રમુખપદની ચૂંટણીનાં પરિણામો જાહેર થઈ ગયાં છતાંય એની સાથે જોડાયેલો વિવાદ શમી જવાનું નામ લેતો નથી. આ આખોય વિવાદ ૯૨ વર્ષની ઉંમરે આગામી સાત વર્ષ માટે કેમરૂનના પ્રમુખપદની ચૂંટણી આઠમી વાર લડી રહેલા પૉલ બિયા સાથે જોડાયેલો છે. કેમરૂનની બંધારણીય સભાએ પૉલ બિયાને સતત આઠમી વાર કેમેરૂનના પ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા છે. પૉલ બિયા ૧૯૮૨થી સતત કેમરૂનનું પ્રમુખપદ સંભાળી રહ્યા છે.

જો કે કેટલાક નાગરિક સમૂહો તેમજ વિરોધપક્ષોએ આ ચૂંટણીમાં ગંભીર અનિયમિતતાઓ અને મતપેટી સાથે ચેડાં થવાથી લઈને સરકારી મશીનરીનો દુરુપયોગ સુધીની બાબતે ગંભીર આક્ષેપો કર્યા છે. વિપક્ષના ઉમેદવાર ઈસા બકારીએ પૉલ બિયાને મળેલા ૫૩.૬૬ ટકા મત સામે પોતાને ૫૪.૮ ટકા મત મળ્યા હોવાનો દાવો કરી પોતાને વિજયી જાહેર કરી દીધા છે. બંધારણીય કાઉન્સિલના સભ્યો પૉલ બિયા દ્વારા નીમવામાં આવ્યા હતા અને એટલે એમની વર્તણૂક તેમજ નિર્ણયની પ્રક્રિયા સામે બકારીએ ગંભીર આક્ષેપો કર્યા છે.

આમ પૉલ બિયાનો પ્રમુખપદ તરીકેનો કાર્યકાળ હવે તેઓ ૯૯ વર્ષના થશે ત્યાં સુધી ચાલશે. પ્રમુખ તરીકે ચૂંટાઈ તો આવ્યા પણ બિયાની આ જીત કાગળ જેટલી પાતળી બહુમતી ઉપર આધારિત છે. અગાઉની જેમ જોરદાર બહુમતીથી તેમનો વિજય થયો નથી. આમ સંસદમાં અત્યંત પાતળી બહુમતી હોવાને કારણે પૉલ બિયાને રાજ કરવામાં મુશ્કેલી તો પડવાની જ છે એટલે જીતનો આ આનંદ કેટલો લાંબો ટકશે અને કેમરૂનને કેટલું મજબૂત અને સ્થિર શાસન પ્રાપ્ત થશે એ સામે એક મોટો પ્રશ્નાર્થચિન્હ ઊભો થાય છે. ૨૦૧૧માં એમને ૭૭ ટકા મત મળ્યા હતા, જ્યારે ૨૦૧૮માં ૭૧ ટકા અને ૨૦૨૫માં માત્ર ૫૩.૬૬ ટકા મત મળ્યા છે. જો કે જુદા જુદા રાજકીય પક્ષો વચ્ચે સમતુલન જાળવવામાં અત્યાર સુધીના કાર્યકાળ દરમિયાન તેઓ સફળ રહ્યા છે અને બધાને સાથે લઈને ચાલવાનો પ્રયત્ન કર્યો છે. આને કારણે બિયાનું ગાડું ગબડતું આવ્યું છે.

કોઈ પણ રાજ્યકર્તા આટલો લાંબો સમય રાજ કરે એટલે સ્વાભાવિક રીતે જ એની વધુ ને વધુ ત્રુટિઓ સપાટી પર આવતી જાય છે, એ કારણ બિયાને પણ નડે તે સ્વાભાવિક છે. બિયાના ટેકેદારોમાં પણ વિભાજન થયું છે. બિયાએ ઝડપથી પોતાની લોકપ્રિયતા ગુમાવી છે, તેની સાથોસાથ લાંબા વખતથી ચાલ્યા આવતા સંઘર્ષોને ખાળવામાં પણ તે નિષ્ફળ ગયા છે તેને કારણે ભાગલાવાદી પરિબળોએ માથું ઊંચક્યું છે.

આવા સંજોગોમાં એનો પ્રતિસ્પર્ધી બકારી પોતે હાર સ્વીકારે જ નહીં તો એક સંઘર્ષપૂર્ણ સ્થિતિનું નિર્માણ થાય અને આવનાર સમયમાં કેમરૂનમાં વિઘાતક પરિબળો વધુ સક્રિય બને. ચૂંટણીનાં પરિણામો બાદ ઠેર ઠેર અસંતોષ ફાટી નીકળ્યો છે અને આ વિસ્તારોમાં બકારીનો કાબૂ તેમજ લોકપ્રિયતા બળતામાં ઘી હોમવા માટે કાફી છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટેની વ્યૂહરચનાનો વિચાર કરીએ તો આજે ૯૨ વર્ષની ઉંમરે પહોંચેલા પૉલ બિયાની વધતી ઉંમર, ઘટતી લોકપ્રિયતા અને ઓસરતો જતો જનપ્રભાવ કેમરૂનમાં ઊભી થઈ રહેલ વિસ્ફોટક પરિસ્થિતિને ખાળવી મુશ્કેલ બનશે તેવું દર્શાવી રહ્યો છે.

આજે ૯૨ વર્ષની ઉંમરે પહોંચેલા પૉલ બિયાની વધતી ઉંમર, ઘટતી લોકપ્રિયતા અને ઓસરતો જતો જનપ્રભાવ કેમરૂનમાં ઊભી થઈ રહેલ વિસ્ફોટક પરિસ્થિતિને ખાળવી મુશ્કેલ બનશે તેવું દર્શાવી રહ્યો છે. આ પરિસ્થિતિમાં એમની સાત વર્ષની ટર્મ પૂરી કરશે કે કેમ?

આ પરિસ્થિતિમાં પૉલ બિયા એમની સાત વર્ષની ટર્મ પૂરી કરશે કે કેમ અને એ દરમિયાન દેશમાં વિઘટનકારી પરિબળો માથું ઊંચકે અને કેમરૂનમાં વિભાજનનાં મૂળ ઊંડાં નાંખે એ બાબત મોટી ચિંતાનો વિષય હોવો જોઈએ.

છેલ્લા ચાર દાયકામાં પૉલ બિયાના નેતૃત્વ હેઠળ એકચક્રી શાસન વિકસ્યું છે. લોકશાહી હોય કે અન્ય કોઈ વ્યવસ્થા, ખૂબ લાંબો સમય કોઈનું એકચક્રી શાસન રહે ત્યાર બાદ એની વિદાયને કારણે જે શૂન્યાવકાશ ઊભો થાય એ પૂરવાનું કામ સરળ નથી હોતું. એટલું જ નહીં પણ મોટા ભાગે પોતાની જાતને વારસદાર તરીકે પ્રસ્થાપિત કરવા માટે એક કરતાં વધુ પરિબળો લોહિયાળ સંઘર્ષમાં પ્રવૃત્ત થતાં હોય છે. આવનાર સમયમાં કેમરૂન કઈ દિશામાં જાય છે, તે તો સમય જ કહેશે પણ એના ભવિષ્ય માટેનાં એંધાણ તેમજ બિયાના વારસદારને સત્તાની સોંપણી કોઈ ઝંઝટ વગર થાય તેવું દેખાતું નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઈલોન મસ્કઃ દુનિયાનો પ્રથમ એક ટ્રિલીઅન ડોલરનો આસામી

ટેસ્લાના માલિક ઈલોન મસ્કને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથેનો સંબંધ-વિચ્છેદ ફળ્યો છે. સરકારી ફિજુલ ખર્ચી ઘટાડવા અને કાર્યક્ષમતા તેમજ કરકસર વધારવા માટે ઈલોન મસ્કના પ્રયત્નોથી ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિસિયન્સી (DOGE) ની શરૂઆત કરવામાં આવી હતી. 130 દિવસ ટ્રમ્પના સિનિયર એડવાઈઝર તરીકે કારભાર સંભાળ્યા બાદ લડીઝગડીને ટ્રમ્પથી જુદા પડ્યા. દુશ્મનાવટ બંધાઈ. ટ્રમ્પની સાથે હતા ત્યારે મસ્કનાં ઉદ્યોગો પર ખરાબ અસર પડી હતી. એમની ટેસ્લા, સ્પેસએક્સ, સ્ટારલિન્ક વગેરે કંપનીઓની માર્કેટ વેલ્યુ ઘટવા માંડી હતી. કડવાશ સાથે જુદા પડ્યા અને ઈલોન મસ્કએ જાહેર કર્યું કે સગીર બાળાઓને ફસાવીને જાતીય શોષણ કરવાના કેસની ફાઈલમાં એપસ્ટાઈન સાથે ડોનાલ્ડ ટ્રમ્પનું નામ જોડાયેલું છે. ત્યારબાદ દુનિયાએ માની લીધું કે છટકેલી ખોપડીના અમેરિકન પ્રમુખ હવે મસ્કને પાયમાલ કરીને જ ઝંપશે. મસ્કની અસ્કયામતોની કિંમત આવનારા ખરાબ ભવિષ્યને ગણતરીમાં લેવાથી વધુ ઘટી.

પરંતુ બદલો અને બદહાલી લાંબી ચાલી નથી. મસ્કની કંપનીઓની નેટવર્થ એ કારણથી ફરી વધી કે જો મસ્ક ધંધામાં બરાબર ધ્યાન આપે તો અશક્યને આંબી શકે એટલી બુધ્ધિ પ્રતિભા અને સાહસવૃત્તિ ધરાવે છે. એમની કંપનીના શેરહોલ્ડરો હંમેશા એ અપેક્ષા રાખતા હોય છે કે ઈલોન મસ્ક પોતાની તમામ શકિતઓ ધંધાના વિકાસ પાછળ કામે લગાવે. રાજનીતિમાંથી બહાર નીકળી ગયા પછી શેરહોલ્ડરો અને બઝારને એ વિશ્વાસ ફરીથી બંધાયો છે. ઉપરાંત AI (કૃત્રિમ બુધ્ધિમતા)ની ટેકનોલોજી 2025માં અનેક સુંદર સ્વરૂપોમાં ખીલી ઉઠી છે અને હજી તો શરૂઆત છે. આ ઉપરાંત દુનિયામાં મોટા યુધ્ધના, કહો કે ત્રીજા વિશ્વયુધ્ધનાં સતત ભણકારા વાગી રહ્યા છે. ચીનના શી ઝિનપિંગને દક્ષિણ કોરીયામાં મળીને સ્વદેશ પહોંચ્યા બાદ ટ્રમ્પે અમેરિકામાં અણુ પરીક્ષણોનો અને મિઝાઈલોને સાબદી કરવાનો આદેશ આપ્યો છે.

આ સ્થિતિમાં અમેરિકા પાસે અને અમેરિકા માટે ઈલોન મસ્ક અનિવાર્ય છે. મસ્કની સ્પેસએક્સ અને સ્ટારલિન્ક કંપનીઓની મદદ વગર અમેરિકાનો જમીનની સપાટીની નજીક ઊડતી લાંબા અંતરની મિઝાઈલોનો પ્રોજેક્ટ સફળ બની શકે તેમ નથી. મસ્કની કંપનીએ આ દિશામાં યુગપરિવર્તકની ભૂમિકા નિભાવી છે. મસ્કની કંપનીઓની બરાબર સ્પર્ધા કરી શકે એવી જે કોઈ કંપની છે તે ખૂબ દૂર દૂર છે. નાસા અને પેન્ટાગોન માટે ઈલોન મસ્ક એક વ્યૂહાત્મક અને અટુલી અસ્કયામત છે જેને પ્રમુખ ટ્રમ્પને ગમે કે ન ગમે પણ અમેરિકાએ જતનપૂર્વક સાચવવી પડશે.

પ્રથમ ઈલોન મસ્કને કંપનીઓ માટે ધ્યાન આપવાનો સમય મળ્યો. બે કૃત્રિમ બુધ્ધિમતાના ઝળહળતા આગમનથી રોકાણકારોનો એ ભરોસો વધ્યો છે કે મસ્ક એમની ઘણી યોજનાઓને કમ ખર્ચમાં સાકાર કરી શકશે. ત્રીજી વાત એ કે મસ્ક એક અમૂલ્ય સંપત્તિ બની ગયા છે. વિશ્લેષકો આ હિસાબ માંડે છે ત્યારે ઈલોનની કંપનીના શેરોના ભાવ ઊંચકાય છે. ડોનાલ્ડ ટ્રમ્પ ખાર ખાઈ ગયા હોવા છતાં મસ્કના સારા દિવસોને રોકી શક્યા નહીં. નવી પરિસ્થિતિનાં પરિણામો તત્કાળ જોવા મળ્યા. મસ્કની કંપનીઓના શેર્સની કિંમત એટલી વધી ગઈ કે ખુદ મસ્ક પોતે ગયા ઓક્ટોબરમાં 500 અબજ ડોલરના માલિક બની ગયા. આ લખાઈ રહ્યું છે ત્યારે પણ એ પોણા પાંચસો અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે. બીજા ક્રમે, 323 અબજ ડોલર સાથે ઓરેકલના સ્થાપક ચેરમેન લેરી એલીસન છે. મસ્ક વરસોથી પ્રથમ ક્રમે છે. સંપત્તિના નવા નવા માઈલસ્ટોન એમણે પ્રથમ વખત પસાર કર્યા છે. એ ક્રમમાં અરધો ટ્રિલિયન ડોલરના માલિક બનનારા દુનિયાના આજ સુધીના ઈતિહાસમાં એ પ્રથમ વ્યકિત છે. કોઈ શાસકો, સમ્રાટો પાસે પણ આટલી દોલત ન હતી. પરંતુ વાત અહીંથી અટકતી નથી.

દુનિયાની ટેક કંપનીઓ કૂદકેભૂસકે વધુ અને વધુ મોટી બની રહી છે. હુઆંગ જેન્સેનની અમેરિકન સિલિકોન વેલીની 'એનવિડિયા' કંપની હમણા દુનિયાની પ્રથમ ત્રણ ટ્રિલીઅન ડોલરની, પ્રથમ ચાર ટ્રિલીઅનની અને પ્રથમ પાંચ ટ્રિલીઅનની કંપની બની. માઈક્રોસોફ્ટ, એપેલ, ગૂગલ વગેરેએ પણ ઝડપ પકડી છે. તે સામે મસ્કની કંપનીઓમાં મસ્કનો જે હિસ્સો છે તે પૂરો એક ટ્રિલીઅન ડોલર પણ નથી. હુઆંગ જેન્સનનો એનડિવિયામાં શેર્સનો હિસ્સો ખૂબ નાનો છે અને તેથી દુનિયાની સૌથી મોટી કંપનીના માલિક હોવા છતાં દુનિયાના ધનાઢ્યોની યાદીમાં એ સાતમા કે આઠમા સ્થાને રહે છે. તેની સામે ઈલોન મસ્કનો એમની કંપનીઓમાંનો હિસ્સો કંપનીઓ પ્રમાણે સાડાબાર ટકાથી બેંતાલીસ ટકા જેટલો છે. ધ બોરિંગ કંપનીમાં એમનો હિસ્સો નેવુ ટકા છે. મસ્કની તમામ કંપનીઓ ધમધોકાર ધંધાની શક્યતા ધરાવતી કંપની છે. જેની મોટા ભાગની ટેકનોલોજી ખુદ ઈલોન મસ્કએ જાતે રસ લઈને ઈજાદ કરી છે અને ગયા ગુરુવારે ટેસ્લાના શેર હોલ્ડરોએ ઈલોન મસ્કને જાણે કે આખી દુનિયા સોંપી દીધી હોય તેમ એક ટ્રિલીઅન ડોલરનું પગાર પેકેજ આપી દીધું. મસ્ક દુનિયાના પ્રથમ ટ્રિલીઅનેર બનશે. કદાચ 2027-28 સુધીમાં બની પણ જાય.

ચે મેરા ઈન્ડિયા
વિનોદ પંડ્યા

ટ્રમ્પ ખાર ખાઈ ગયા હોવા છતાં મસ્કના સારા દિવસોને રોકી શક્યા નહીં. નવી પરિસ્થિતિનાં પરિણામો તત્કાળ જોવા મળ્યા. મસ્કની કંપનીઓના શેર્સની કિંમત એટલી વધી ગઈ કે ખુદ મસ્ક પોતે ગયા ઓક્ટોબરમાં 500 અબજ ડોલરના માલિક બની ગયા

પાકિસ્તાન એક બે અબજ ડોલર માટે તવંગર દેશો અને આઈએમએફ સમક્ષ વરસોથી નાક લીટી તાણતું રહે છે. એક અબજ પણ આસાનીથી નથી મળતા. મળે તો તેની 24 કરોડની આબાદી માટેની વ્યવસ્થાઓ સુધારી શકાય. એક ટ્રિલિયન એટલે એક હજાર અબજ ડોલર. એક લાખ કરોડ ડોલર. લગભગ અઠ્યાસી લાખ કરોડ ભારતીય રૂપિયા. કેલ્યુલેટર અને મગજ બંને ખોરવાઈ જાય. કોમ્પ્યુટરની જરૂર પડે. દુનિયામાં એવા ઘણા દેશો હશે જેને એક ટ્રિલીઅન ડોલર વડે સમૂળગા ખરીદી શકાય. જો કે રાજકીય કારણોસર એ શક્ય હોતું નથી. પરંતુ આ સ્થિતિ એક ટ્રિલીઅન ડોલરનું કદ સમજાવે છે.

ટેસ્લા કંપની આગામી દસ વરસમાં મસ્કને પગાર પેટે એક ટ્રિલીઅન ડોલર ચૂકવશે પરંતુ તે માટે મસ્કએ અમુક શરતો પૂરી કરવી પડશે. જેમકે ઈલોન મસ્કએ સાડા સાત વરસ સુધી ટેસ્લાના સીઈઓ પદે રહેવું પડશે. ટેસ્લાની નેટવર્થ સાડા આઠ ટ્રિલીઅન ડોલર સુધી ઊંચે લઈ જવી પડશે. પેકેજમાં જે રકમ મળે તેમાંની અમુકનું રોકાણ ટેસ્લાના શેર્સ ખરીદવા પાછળ કરવું પડશે. દરમિયાન ઈલોન મસ્ક એમની અન્ય કંપનીઓ સ્પેસએક્સ, એઆઈ કંપની એક્સએઆઈ, એક્સ (જૂની ટ્વિટર), સ્ટારલિન્ક વગેરેના સીઈઓ તરીકેની જવાબદારી નિભાવી શકશે. આ પે પેકેજની માગણી ઈલોન મસ્કએ ટેસ્લાના શેરહોલ્ડરોની મિટિંગમાં રાખી હતી જેને પંચોતેર ટકાથી વધુ હોલ્ડરોએ મંજૂર રાખી હતી. મસ્કએ મિટિંગમાં સ્ટેજ પર યંત્રમાનવો સાથે નૃત્ય કરી આ સમાચારની ઉજવણી કરી હતી. મુદ્દઈ લાખ બુરા ચાહે તો કયા હોતા હૈ?, વહી હોતા હૈ જો મંજૂરે ખૂદા હોતા હૈ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

દાદીમાનો પાનનો ડબ્બો

પહેલાના જમાનામાં અસ્સલ સુરતવાસીઓના પ્રત્યેક ઘરમાં પાનનો ડબ્બો અવશ્ય જોવા મળતો. અમારા ઘરમાં પણ દાદીમા પાનનો ડબ્બો રાખતા જમ્યા પછી એ ડબ્બાનો ઉપયોગ કરતા. સાંઠના દાયકામાં અમારા દાદીમા યાત્રા પર ગયા હતા ત્યારે બનારસથી એક સરસ મજાનો ચારખાનાનો પીત્તળનો ડબ્બો લાવ્યા હતા. એ પાનનો ડબ્બો એમના જીવનના અંતિમ સમય સુધી સંગસંગ રહ્યો હતો. પાન ખાવાના શોખીન દાદીમા માટે પાન, કાથો, ચુનો, સોપારી, વરિયાળી વગેરે બધું ઘર બેઠા આસાનીથી મળી જતું. એનુ કારણ અમારા બાપદાદાનો ધંધો પાનનો હતો. ધંધાના કારણે અમે સમાજમાં પાનવાળાથી ઓળખાયા એ ઓળખ હજુ આજે પણ અકબંધ રહી છે. રોજ નિયમિત બે ટાઈમ જમ્યા પછી દાદીમા જાતે સાદુ પાન બનાવીને ખાતા ઘરના નાના ભુલકાઓને વરિયાળી આપીને ખુશ કરી દેતા. તેઓ જીંદગીભર તમાકુના સેવનથી બચીને રહ્યાં એમનું નામ તાપીબા કયારેક સગા સંબંધી કે ગલીમાં રહેતીહમ ઉમ્ર મહિલાઓ ખબર અંતરનાં કારણસર તાપીબાની મુલાકાતે આવતી એ બધી મહિલાઓનું પ્રેમથી તાપીબા ચા-પાનથી સ્વાગત કરતાં. મન ભાવન ચા-પાન અને મીઠા મધૂરા સ્વભાવના કારણે તેઓ બધાનું દીલ જીતી લેતા તેઓ કયારેય ડોકટરનાં દવાખાને કે હોસ્પિટલ દાખલ થયા ન હોતા. તેઓ હાલતા ચાલતા ૪૫ વર્ષની ઉંમરે સામાન્ય માંદગીમાં ગુજરી ગયા. એમના અવસાન બાદ પેલો પાનનો ડબ્બો સુનો પડી ગયો છે. એ બનારસી પાનના ડબ્બાને કારણે કયારેક દાદીમાની યાદ તાજી થાય છે.

ગોપીપુરા, સુરત- જગદીશ પાનવાલા

UPI પેમેન્ટનાં જોખમો

UPI દરેક વ્યવહારમાં તમારો મોબાઈલ નંબર, બેંક ખાતું, દરેક લેવડદેવડનો ઈતિહાસ અને સ્થળ-આધારિત ડેટા એકઠો કરે છે. પરંતુ આ ડેટા સુરક્ષિત છે? બિલકુલ નહીં. ૨૦૨૫માં, IFFએ ચેતવણી આપી કે UPIમાં બેંક, એપ, NPCI વગેરે એકસાથે ઘણી સંસ્થા સામેલ હોવાથી ડેટા લીકનો ખતરો વધે છે. ડેટા મિનિમાઈઝેશન અને પારદર્શ